# ગુજરાતની સડકો ઉપર બે કરોડ વાહનો દોડે છે : ૨૦ લાખ કાર છે

## આપણી માથાદીઠ આવક વધી ગઈ અને બેરોજગારી ઓછી થઈ ગઈ છે

### અહીં તો પરિવારો જ નહી, સરકાર પણ લોન અને વ્યાજથી ચાલે છે

### મોરારજી દેસાઈએ જન્મદિને જ ૨૯ ફેબ્રુઆરીએ બે બજેટ રજૂ કર્યા હતા

### ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાતની સડકો ઉપર હાલ બે કરોડ જેટલા વાહનો દોડી રહ્યા છે જે પૈકી મોટા ભાગના દ્વિચક્રી વાહનો છે. સરકારના અંદાજ પ્રમાણે ઓક્ટોબર-૨૦૧૪ સુધીમાં કુલ ૧.૮૦ કરોડ મોટરવાહનોનું રજીસ્ટ્રેશન થયું છે. આ વાહનો પૈકી ૧.૩૧ કરોડ તો મોટરસાયકલ અને દ્વિચક્રી વાહનો છે. ૬.૬૦ લાખ ઓટોરીક્ષાઓ સડકો ઉપર દોડી રહી છે. ગુજરાતમાં કારનો વપરાશ વધ્યો છે જેના કારણે આજે સડકો ઉપર અંદાજે ૨૦ લાખ થી વધુ કાર ફરી રહી છે, જેમાં માત્ર ગુજરાત સરકારના આરટીઓનું રજીસ્ટ્રેશન છે.



૧૯૮૦માં ગુજરાતમાં માત્ર ૫૨૦૦૦ કાર હતી જે ૧૦ વર્ષમાં વધીને ૧.૪૧ લાખ થવા પામી હતી...

**લ્યો, માથાદીઠ આવક વધી ગઇ છે ...**

ગુજરાત સમૃદ્ધ બનતું જાય છે અને તે સરકારના કારણે.. સરકારે તેના ઓફિસિયલ ડોક્યુમેન્ટમાં જાહેર કર્યુ છે કે ગુજરાતના નાગરિકો સમૃદ્ધ બનતા જાય છે. આંકડા જોઈને આનંદ થાય છે કે માથાદીઠ આવક ૧,૦૬,૮૩૧ રૂપિયા થવા પામી છે, જે આગલા વર્ષે ૯૩,૪૪૬ રૂપિયા હતી. રાજયનું ચોખ્ખુ ઘરઘથ્થુ ઉત્પાદન ૬,૫૧,૯૧૬ રૂપિયા થયું છે જે ૫,૬૦,૬૮૭ રૂપિયા હતું. લ્યો, હવે આપણે અમીર થતા ગયા છીએ...

**વીજ વપરાશમાં ઉદ્યોગો નંબર વન ...**

ગુજરાતમાં ખેતીના સ્થાને ઉદ્યોગોને વીજળીનો મોટો ફાયદો થયો છે. ખેતીવાડી ઓછી ચાલે છે અને ઉદ્યોગો ધમધોકાર છે. વીજ વપરાશનો ચાર્ટ જોઈએ તો ઉદ્યોગોના ભાગે ૪૨.૭૧ ટકા વીજળી આવે છે, જયારે ખેતીવાડીમાં ૨૧.૯૫ ટકાનો વીજ વપરાશ છે. ખેતી કરતાં ઉદ્યોગોમાં બમણો વપરાશ થયો છે. આપણાં ઘરમાં માત્ર ૧૬.૪૮ ટકા વીજળી વપરાય છે. સરકારની એવી દલીલ છે કે કૃષિમાં વીજ વપરાશ ઓછો થવાનું કારણ ખેડૂતોને સિંચાઈના પાણી માટે વીજળીની ઓછી જરૂર પડે છે...

● અનુસંધાન પાન-૭ પર



અભિવ્યક્તિ - ગાંધીનગરના પાદરમાં આરંભાયેલ પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ ભારે દબદબાપૂર્વક ટાઉનહોલમાં યોજાયો હતો. શાળાના બાળકોએ રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી એક એકથી ચડિયાતી કૃતિઓ રજૂ કરી હતી. આંતરશક્તિના વિકાસ માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની અભિવ્યક્તિ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ તરફનું પ્રથમ અને મહત્વનું પગલું છે... પોદાર સ્કૂલના બાળકોએ સુંદર કાર્યક્રમ રજૂ કરી શિક્ષકો, વાલીઓ અને આમંત્રિતોને મંત્રમુગ્ધ કર્યા હતા... **(તસવીર : દિપક જાની)**

# એરંડાના ભાવને મામલે કિસાન સંઘ કેન્દ્ર-રાજય સરકારને મળશે

ગાંધીનગર, તા. ૧

ખેડૂતોના સંગઠન ભારતીય કિસાન સંઘ (બીકેએસ)ના ગુજરાત એકમે એરંડાના ટ્રેડર્સ, પ્રોસેસર્સ અને નિકાસકારો વચ્ચેના ખેડૂતવિરોધી જોડાણની ઝાટકણી કાઢી હતી. તેઓ કોમોડિટીસ વાયદા બજારનો ઉપયોગ કરીને ભાવને કૃત્રિમ રીતે દબાવી રહ્યા હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. ખેડૂતોની સંસ્થાએ રાજય અને કેન્દ્ર સરકારને ગુજરાતમાં એરંડાના ખેડૂતોને બચાવવા માટે આ સંબંધમાં ત્વરિત પગલાં લેવા માંગ કરી હતી. કેન્દ્ર સરકાર, કોમોડિટીસ ટ્રેડિંગ એક્સચેન્જીસ અને કોમોડિટી માર્કેટ રેગ્યુલેટરના બિનસહાયક પગલાં, નોન-એક્શન્સ અને નીતિઓથી ખેડૂતોને તેમની પેદાશોના યોગ્ય ભાવ મળતા નથી.

ભારત હાલમાં વિશ્વમાં એરંડા પકવતો સૌથી મોટો દેશ છે, જેણે ચીન અને બ્રાઝીલ જેવા દેશોને પણ પાછળ પાડી દીધા છે તથા ગુજરાત ભારતનું

● અનુસંધાન પાન-૭ પર

# શાળાઓમાં ૨૦ એપ્રિલથી વેકેશન જાહેર કરવા તૈયારી

**એપ્રિલના મધ્યમાં વાર્ષિક પરીક્ષા લેવા હિલચાલ : ગુજરાતમાં ધોરણ ૧૦ તેમજ ૧૨ બોર્ડની પરીક્ષા લેવામાં આવ્યા બાદ બોર્ડની સાયન્સ બીજા સેમેસ્ટર પરીક્ષા થશે**

અમદાવાદ, તા. ૧

રાજ્યમાં આગામી સમયમાં પરીક્ષાઓનો ધમધમાટ શરૂ થવાનો છે. પ્રથમ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવશે ત્યારબાદ બોર્ડની સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષા લેવાશે. જે ૩૦ માર્ચથી શરૂ થશે અને ૮મી એપ્રિલે પૂર્ણ થશે. આ પરીક્ષા પૂર્ણ થયા બાદ શરૂ કરવામાં આવશે તેમજ મોટાભાગની સ્કૂલોમાં ૧૭ એપ્રિલ સુધીમાં સ્કૂલોની પરીક્ષાઓ પૂર્ણ કરી દેવાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ૧૨ માર્ચથી શરૂ થશે. આ પરીક્ષાઓ માર્ચના અંત સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવનાર છે જ્યારે સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષા ૩૦મી માર્ચથી જ શરૂ કરી દેવામાં આવશે જે ૮મી એપ્રિલ સુધી પૂર્ણ કરી દેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે એપ્રિલના પ્રથમ


● અનુસંધાન પાન-૭ પર

# બજેટ સાંભળીને ઈશ્વરની પણ આંખો ભરાઈ આવી

**અચાનક વરસેલા માવઠાએ સોશ્યલ મિડિયા પર લોકોને ક્રિએટીવ બનાવી દીધા : શાંતિ રાખો, આ તો રજનીકાંત પિચકારીનું ટેસ્ટીંગ કરે છે... જેવા અનેક ચબરાકિયા ફરતા થયાં**

ગાંધીનગર, તા. ૧

હાલ શિયાળો ચાલી રહ્યો છે કે ઉનાળો? ઉનાળો છે કે ચોમાસુ? કે પછી ઋતુચક્રએ પણ 'ફ્યુઝન' કરી માવઠાંએ શોશ્યલ મિડિયા જેવા કે વોટ્સએપ અને ફેસબુક પર લાકોનો રાતોરાત 'ક્રિએટીવ' બનાવી દીધા છે અને ધડાધડ મનમોજી મૌસમ પર અવનવા







નવી ઋતુ 'ઈન્સ્ટ્રોક્યુસ' કરી છે? છેલ્લા ૧૫ દિવસમાં મૌસમમાં આવેલા ફેરફારો જોઈને કોઈને પણ આ સવાલો ઉદ્દ્ભવે તેમ છે. શિયાળાની ઋતુ હજુ પુરી થઈ નહોતી ત્યાં દિવસે ગરમીનું પ્રમાણ વધતુ ગયુ અને ઉનાળાએ 'એન્ટ્રી' મારી લીધી હતી ત્યાં તો અચાનક વરસાદનું આગમન થતા ચોતરફ ચોમાસાનો માહોલ ખડો થઈ ગયો. વાદળોના ગડગડાટ સાથે વરસેલા 'તબરાકિયા' ફરવા લાગ્યા છે. લો માણો થોડાક સેમ્પલ્સ....

- દુનિયા મેં લોગ ક્યા કમ થે, જો અબ મૌસમ ભી ધોખા દેને લગા.
- સરકાર કા બજેટ સુનકર આજ આસમાન ભી રો પડા...

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



સખેદ જણાવવાનું કે, અમારા સુપુત્ર **કિરીટકુમારના ધર્મપત્ની કોમલબેનનું** તા. ૨૮/૨/૨૦૧૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨/૩/૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૮-૦૦ થી ૧-૦૦** દરમિયાન રાખેલ છે.

**સ્થળ : બ્રાહ્મણવાડી, મુ.પો. કોલવડા, તા.જી. ગાંધીનગર**

**પરેશકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય, રમેશચંદ્ર કૃષ્ણરામ ઉપાધ્યાય, ભરતકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય, કિરણકુમાર રામશંકર ઉપાધ્યાય, રાજેન્દ્રકુમાર ગુણવંતલાલ ઉપાધ્યાય**

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

**લિ. ધર્મેશકુમાર ગિરીજાશંકર પુરોહિત**

## વટવા વિશા ખડાયતા બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **જયંતિલાલ પુરષોત્તમદાસ શાહ** તા. ૧/૩/૨૦૧૫ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૨/૩/૨૦૧૫ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** રાખેલ છે.

**સ્થળ : વિશ્વકર્મા સેવા સમાજ, ઉદ્યોગ ભવન સામે, ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર.**

**સંજય જયંતીલાલ શાહ, ઉર્વશી સંજયકુમાર શાહ, હાર્દિક સંજયકુમાર શાહ, રિદ્ધિ સંજયકુમાર શાહ**

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્શ

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

### રેપીડ એક્શન માટે પોલીસનો કોર્ડ '૧૧૧'

# ગુનો આચરીને ગુનેગારો શહેર બહાર નહી જઈ શકે..!

**કંટ્રોલ રૂમમાંથી કોડ જાહેર થતા જ શહેરના તમામ એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ પર પોલીસ વાન પાંચ મિનિટમાં પહોંચી જશે : ગુનાનો ભોગ બનનાર વ્યક્તિના ક્વીક રીસ્પોન્સથી આરોપી સરળતાથી પકડાઈ જાય તેવી સ્કીમ પોલીસે તૈયાર કરી**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચીંગ અપહરણ, લુંટ કે બેંક રોબરી સહિતના કોઈપણ ગુનામાં જો ભોગ બનનાર વ્યક્તિ સતર્કતા દાખવીને ગુનેગારનાં વાહનનો નંબર કે વાહનનું વર્ણન જિલ્લા પોલીસ કંટ્રોલમાં તાત્કાલીક આપી દેશે તો ગુનેગારને શહેર બહાર નિકળવું ભારે પડી જશે અને જિલ્લા પોલીસના સકંજામાં ગણતરીની મીનીટોમાં આવી જશે તેવી સ્કીમ ગાંધીનગર પોલીસે તૈયાર કરી દીધી છે. આ સ્કીમને ગાંધીનગર પોલીસે 'કોડ-૧૧૧' નામ આપ્યું છે.

મોટાભાગના ગુનાઓ એવા છે કે જેમાં ગુનો બન્યા સમયે જ જો પોલીસને મેસેજ મળી જાય તો આરોપી આસાનીથી પકડાઈ શકે છે. જેમ કે 'અપહરણ, લુંટ, ચોરી, ચેઈન સ્નેચીંગ, બેન્ક રોબેરી...' આ ગુનાઓ બન્યાના સમયે જ પોલીસને જાણ કરાય તો નાકાબંધી કરીને પોલીસ આરોપીને શહેર બહાર જતાં જ પકડી શકે છે. જેને માટે ગાંધીનગર પોલીસે એક સ્કીમ તૈયાર કરી છે. કોઈ પણ ગુનો બને ત્યારે ગુનાનો ભોગ બનનાર વ્યક્તિ કે આસપાસની કોઈપણવ્યક્તિ જિલ્લા પોલીસ કંટ્રોલને ગુનાની માહિતી સાથોસાથ ગુનેગારનો હુલીયો તથા તેના વાહનનો નંબર અથવા વાહનનું વર્ણન તાત્કાલિક આપી દે..! માહિતી મળતાની સાથે જ કંટ્રોલના વાયરલેસ સેટ પરથી 'કોર્ડ-૧૧૧ વાહન નં.... અથવા ગુનેગાર જે વાહનનું વર્ણન'નો મેસેજ પાસ કરી દેવામાં આવશે. કોડ-૧૧૧ નો મેસેજ સાંભળતા જ ગાંધીનગરની તમામ પીસીઆર વાન, પીઆઈની ગાડીઓ, એલસીબી સહીતની ગાડીઓ શહેરની તમામ એન્ટ્રી-એક્ઝીટ પર પહોંચી જશે.

દરેક પોલીસ અધિકારીની ગાડીઓ તથા પીસીઆર વાનને શહેરના અવર-જવરના તમામ નાકાઓ પર નિયત પોઈન્ટ આપી દેવામાં આવ્યા છે. કોડ-૧૧૧ નો મેસેજ કંટ્રોલમાંથી પાસ આઉટ થાય કે તુરત જ તે ગાડી કોઈ પણ સ્થળે હોય નિયત નાકા પર પહોંચી જશે. અને નાકાબંધી કરી કોડમાં મળેલા વાહન કે આરોપીના વર્ણન ઉપર ધ્યાન રાખી તેને ઝડપી લેવામાં આવશે. ગુનો આચરીને ગુનેગાર શહેર બહાર જઈ શકશે નહી. તે પહેલા જ ક્વીક રીસ્પોન્સ અને પોલીસની રેપીડ એક્શનથી આરોપીને સરળતાથી ઝડપી લેવામાં આવે તે માટેની અસરકારક સ્કીમ જિલ્લા પોલીસ દ્વારા તૈયાર કરી દેવામાં આવી છે.

# પર્યાવરણના જતનને પ્રોત્સાહીત કરવા ગેમી ડે ની ઉજવણી કરાઈ

**ગુજરાત દેશમાં સૌથી વધુ કેમિકલાઈઝ રાજ્ય : પર્યાવરણને પ્રદૂષિત થતુ અટકાવવા ગેમીનો રોલ મહત્વનો : રાજ્ય વનમંત્રી**

ગાંધીનગર, તા. ૧

ગુજરાત દેશમાં સૌથી વધુ કેમિકલાઈઝ રાજ્ય છે. પોલ્યુશન ટ્રીટમેન્ટ સોલ્યુશનના વિષય સંદર્ભે પી.એચ.ડી. કરવું હોય તો ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ સહાયરૂપ થશે. આ મામલે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કક્ષાએથી સૂચવાયેલા વિષય સંદર્ભે સંશોધન અભ્યાસ માટે આર્થિક સહાય ચુકવાશે તેમ બોર્ડના ચેરમેન ડૉ. મિસ્ત્રીએ આજે ગેમી ડે ની ઉજવણી દરમિયાન જણાવ્યું હતું કે આ તબક્કે વન-પર્યાવરણ મંત્રી બચુભાઈ ખાબડે પણ જણાવ્યું હતું કે આર્થિક વિકાસ માટેની દોડના લીધે કુદરતી સંશાધનોની ગુણવત્તા પર મોટા પ્રમાણમાં વિપરિત અસર થઈ છે. ત્યારે ગુજરાતને પ્રદૂષણમુક્ત કરવા ગેમીની સ્થાપના કરવામાં આવી છે. ગાંધીનગર સ્થિત ગેમીની લેબોરેટરીમાં ૧૭ હજાર નમૂનાઓનું પરીક્ષણ કરાયું છે.



ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ગેમી દ્વારા આજે ભાટ નજીક સ્થિત હોટલમાં ૧૬મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યકક્ષાના વન-પર્યાવરણમંત્રી બચુભાઈ ખાબડે આ ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. પર્યાવરણના જતનને પ્રોત્સાહન આપવા અને આ મામલે લોકજાગૃતિ કેળવવાના આશયથી યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન વનમંત્રીએ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

We will make your special moments alive
Wedding Photography & Video
Graphics & 2D-3D Animation
Live Video Coverage
Documentary Film
Ad Film
LED Wall Screen
VINAYAK Video Films
Contact No. : 98248 28169



SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com